सत्यमेव जयते
Goverment Of India

# આત્મનિર્ભર ભારત પેકેજ 3.0

**12 નવેમ્બર 2020**
**નાણાં મંત્રાલય**

# અર્થતંત્રની સ્થિતિ – મજબૂત સુધારો

- **કોવિડ સક્રિય કેસની સંખ્યા 10 લાખથી વધારે હતી, જે ઘટીને 4.89 લાખ સક્રિય કેસ થઈ છે, જેમાં કેસ મૃત્યુદર (સીએફઆર) 1.47 ટકા છે**
- **કમ્પોઝાઇટ પર્ચેઝ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) ઓક્ટોબરમાં વધીને 58.9 થયો હતો,** જે ગયા મહિને 54.6 હતો, જેના પગલે **નવ વર્ષમાં ઉત્પાદનમાં સૌથી વધુ વધારો થયો**
- ઊર્જા વપરાશમાં વૃદ્ધિ – **ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે 12 ટકાનો વધારો**
- ઓક્ટોબરમાં જીએસટીની આવક કુલ રૂ. 1.05 લાખ કરોડ – **વાર્ષિક ધોરણે 10 ટકાની વૃદ્ધિ**
- ડેઇલી રેલવે ફ્રેઇટ ટનેજમાં **વાર્ષિક ધોરણે સરેરાશ 20 ટકા**ની વૃદ્ધિ, જે અગાઉના અઠવાડિયામાં 12 ટકા હતી
- 23 ઓક્ટોબર, 2020ના રોજ **બેંક ક્રેડિટમાં** વાર્ષિક ધોરણે 5.1 ટકા સુધીની વૃદ્ધિ
- **બજાર વિક્રમ ઊંચાઈએ, રેકોર્ડ બજાર મૂડીકરણ, એફપીઆઈનું ચોખ્ખું રોકાણ પોઝિટિવ, વિદેશી હૂંડિયામણ – 560 અબજ ડોલર**
- એપ્રિલથી ઓગસ્ટ સુધી **એફડીઆઈનો પ્રવાહ** 35.37 અબજ ડોલર – **વાર્ષિક ધોરણે 13 ટકાનો વધારો**
- આરબીઆઈએ ધારણા વ્યક્ત કરી છે કે, **નાણાકીય વર્ષ 2020-21ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થતંત્ર સકારાત્મક વૃદ્ધિના માર્ગે પરત ફરે એવી શક્યતા** છે, જે અગાઉની ધારણા કરતાં એક ત્રિમાસિક ગાળો વહેલા છે
- **પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓએ સૂચન કર્યું છે કે, માગમાં વધારો થવાની સાથે મજબૂત આર્થિક વૃદ્ધિને કારણે અર્થતંત્રમાં સુધારો થયો છે.**

# આત્મનિર્ભર ભારત અભિયાન 1.0 – કેટલીક બાબતો પર થયેલી પ્રગતિ (1/3)

**<u>એક રાષ્ટ્ર – એક રેશન કાર્ડ:</u>**

- **આંતર-રાજ્ય પોર્ટેબિલિટી:** રેશન કાર્ડની **રાષ્ટ્રીય પોર્ટેબિલિટી** અંતર્ગત **28 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો**ને લાવવામાં આવ્યાં, જેનો અમલ 1 સપ્ટેમ્બર, 2020થી થયો
- અત્યારે **68.6 કરોડ** લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યાં છે, જેઓ અત્યારે આ 28 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કોઈ પણમાં પસંદગીના કોઈ પણ એફપીએસમાંથી તેમનું અનાજ મેળવવાનો વિકલ્પ ધરાવે છે
- **આંતર-રાજ્ય પોર્ટેબિલિટી** આ 28 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આશરે **1.5 કરોડ** માસિક વ્યવહારો કરવા સક્ષમ પણ બનાવે છે

**<u>પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ):</u>**

- 26.62 લાખ લોનની અરજીઓ મળી
- કુલ રૂ. 1373.73 કરોડની 13.78 લાખ લોનને મંજૂરી આપવામાં આવી

**<u>પરપ્રાંતીય કામદારો માટે પોર્ટલ પર કામગીરી શરૂ થઈ.</u>**

# આત્મનિર્ભર ભારત અભિયાન 1.0 – કેટલીક બાબતો પર થયેલી પ્રગતિ(2/3)

- **કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા 2.5 કરોડ ખેડૂતોને ધિરાણ લેવા પ્રોત્સાહન:** અત્યાર સુધી 183.14 લાખ અરજીઓ મળી છે, બેંકોએ લાયકાત ધરાવતા 157.44 લાખ ખેડૂતો માટે કેસીસી ઇશ્યૂ કર્યા છે અને બે તબક્કામાં રૂ. 1,43,262 કરોડની લોન મંજૂર કરી છે
- પ્રધાનમંત્રી મત્સ્ય સમ્પદા યોજના (પીએમએમએસવાય) **:** એકવીસ (21) રાજ્યો પાસેથી કુલ ખર્ચ **રૂ. 1681.32 કરોડની** દરખાસ્તો પ્રાપ્ત થઈ, જેને મંજૂર કરવામાં આવી
- **નાબાર્ડ દ્વારા ખેડૂતો માટે કટોકટીમાં ઉપયોગી વધારાનું કાર્ય મૂડીભંડોળ:** આ વિશેષ સુવિધા અંતર્ગત રૂ. 25,000 કરોડ વહેંચવામાં આવ્યાં.

# આત્મનિર્ભર ભારત અભિયાન 1.0 – કેટલીક બાબતો પર થયેલી પ્રગતિ(3/3)

- **ECLGS 1.0**:
  - 61 લાખ ઋણધારકોને રૂ. 2.05 લાખ કરોડ મંજૂર કર્યા
  - રૂ. 1.52 લાખ કરોડનું વિતરણ થયું
- **આંશિક ધિરાણ ખાતરી યોજના 2.0**: સરકારી બેંકો (પીએસબી)એ રૂ. 26,889 કરોડના પોર્ટફોલિયોની ખરીદીને મંજૂરી આપી.
- **એનબીએફસી/એચએફસી માટે વિશેષ લિક્વિડિટી યોજના**: રૂ. 7227 કરોડનું વિતરણ થયું.
- **વીજવિતરણ કંપનીઓ (ડિસ્કોમ) માટે લિક્વિડિટી ઉમેરવામાં આવી**: 17 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને રૂ. 118,273 કરોડના મૂલ્યની લોન મંજૂર કરવામાં આવી અને 11 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને રૂ. 31,136 કરોડનું વિતરણ થઈ ગયું/આ ભંડોળ આપવામાં આવ્યું

# આત્મનિર્ભર ભારત 2.0 – પ્રગતિ

- આ જાહેરાતો 12 ઓક્ટોબરના રોજ થઈ હતી
- તહેવાર અગાઉ પ્રસ્તુત થયેલા એસબીઆઈ ઉત્સવ કાર્ડ વહેંચવામાં આવ્યાં છે
- એલટીસી વાઉચર યોજના પ્રસ્તુત કરવામાં આવી
- માર્ગ પરિવહન મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયને વધારાના મૂડીગત ખર્ચ પેટે રૂ. 25,000 કરોડ પ્રદાન કરવામાં આવ્યાં
- 11 રાજ્યોને મૂડીગત ખર્ચ કરવા માટે વ્યાજમુક્ત લોન પેટે રૂ. 3621 કરોડની લોન મંજૂરી કરવામાં આવી

# આત્મનિર્ભર ભારત 3.0

# 1. રોજગારી માટે પ્રોત્સાહન
# આત્મનિર્ભર ભારત રોજગાર અભિયાન (1/3)

- પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના (પીએમઆરપીવાય)નો અમલ 31.3.2019 સુધી થયો હતો, જેનો આશય ઔપચારિકરણને પ્રોત્સાહન આપવાનો અને નવી રોજગારીનું સર્જન કરવાનો હતો.
- પીએમઆરપીવાય અંતર્ગત 1,21,69,960 લાભાર્થીઓને આવરી લેતા 1,52,899 કંપનીઓને કુલ રૂ. 8300 કરોડનો લાભ આપવામાં આવ્યો છે.
- કોવિડના સુધારાના તબક્કા દરમિયાન રોજગારીની નવી તકોનું સર્જન કરવા માટે પ્રોત્સાહન આપવા **નવી યોજના "આત્મનિર્ભર ભારત રોજગાર યોજના" શરૂ કરવામાં આવી** છે.
- **યોજના અંતર્ગત લાભાર્થીઓ (નવા કર્મચારીઓ)** :-
  - ઇપીએફઓમાં નોંધાયેલી કંપનીઓમાં સામેલ થનાર નવા કર્મચારીઓ, જેઓ રૂ. 15000/-થી ઓછું માસિક વેતન ધરાવે છે
  - ઇપીએફના સભ્યો, જેમનો માસિક પગાર રૂ. 15,000/-થી ઓછો છે, જેઓ કોવિડ રોગચાળા દરમિયાન એટલે કે 01.03.2020થી 30.09.2020 દરમિયાન બેરોજગાર થયા છે અને 01.10.2020થી કે પછી નોકરી મેળવી છે

# 1. આત્મનિર્ભર ભારત રોજગાર યોજના
# કંપનીઓ માટે લાયકાતનો માપદંડ (2/3)

1. ઇપીએફઓમાં નોંધણી થયેલી કંપનીઓ, જો તેમણે સપ્ટેમ્બર, 2020માં કર્મચારીઓની સંદર્ભ સંખ્યાની સરખામણીમાં નવા કર્મચારીઓ ઉમેર્યા હોય તો. આ પ્રકારની કંપનીઓ નીચે મુજબ છેઃ
   - જો સંદર્ભ સંખ્યા 50 કર્મચારીઓની હોય કે એનાથી ઓછી હોય અને **ઓછામાં ઓછા બે નવા કર્મચારીઓ સામેલ કર્યા હોય**
   - જો સંદર્ભ સંખ્યા 50 કર્મચારીઓથી વધારે હોય અને **ઓછામાં ઓછા પાંચ નવા કર્મચારીઓ સામેલ કર્યા હોય**

2. યોજના શરૂ થયા પછી ઇપીએફઓમાં નોંધણી થયેલી કંપનીઓને તમામ નવા કર્મચારીઓ માટે સબસિડી કે સહાય મળશે

3. આ યોજના 30 જૂન, 2021 સુધી અમલમાં રહેશે

# 1. આત્મનિર્ભર ભારત રોજગાર યોજના
# કેન્દ્ર સરકાર પાસેથી સબસિટીનો ટેકો (3/3)

1. કેન્દ્ર સરકાર 01.10.2020ના રોજ કે પછી નવા જોડાયેલા લાયકાત ધરાવતા કર્મચારીઓના સંબંધમાં બે વર્ષ માટે સબસિડી પ્રદાન કરશે, જે નીચે મુજબ છેઃ
   - **1000 સુધી કર્મચારીઓ ધરાવતી કંપનીઓ માટેઃ** કર્મચારીનું પ્રદાન (વેતનનું 12 ટકા) અને કંપનીનું પ્રદાન (વેતનનું 12 ટકા) કુલ વેતનનું 24 ટકા
   - **1000થી વધારે કર્મચારીઓ ધરાવતી કંપનીઓ માટેઃ** ફક્ત કંપનીનું ઇપીએફ પ્રદાન (ઇપીએફ વેતનના 12 ટકા)

2. નવા લાયક કર્મચારીઓના આધાર સીડેડ ઇપીએફઓ ખાતું (યુએએન)માં અગાઉથી ધિરાણ મેળવવા સબસિડીની સહાય

# 2. રૂ. 3 લાખ કરોડની હાલની ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમ (ECLGS 1.0) (1/2)

- આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગરૂપે જાહેર થઈ
- આ યોજના **31 માર્ચ, 2020** સુધી લંબાવવામાં આવી છે
- સંપૂર્ણપણે સુરક્ષિત અને જામીનગીરી મુક્ત
- 29.2.2020 સુધી રૂ. 50 કરોડ સુધીનું ધિરાણ ચુકવવાનું બાકી હોય અને વાર્ષિક રૂ. 250 કરોડનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે બાકી નીકળતી લોનના 20 ટકા સુધી વધારાની લોનની જોગવાઈ, જેની 29.2.2020ના રોજ 60 દિવસથી વધારે સમયથી ચુકવણી બાકી હોય
- લાયકાત ધરાવતી સંસ્થાઓ – એમએસએમઈ એકમો, વ્યવસાયિક ઉદ્યોગસાહસો, વ્યવસાયિક ઉદ્દેશ માટે વ્યક્તિગત લોન અને મુદ્રા ઋણધારકો
- 12.11.2020ના રોજ સુધારાવધારા સાથેની યોજના
  - 61 લાખ ઋણધારકોને રૂ. 2.05 લાખ કરોડ મંજૂર કર્યા
  - રૂ. 1.52 લાખ કરોડની વહેંચણી

# 2. ECLGS 2.0 પ્રસ્તુત:
# મુશ્કેલ સ્થિતિમાંથી પસાર થતાં ક્ષેત્રોને ટેકો આપવા ધિરાણની ખાતરી (2/2)

- ટોચમર્યાદા ધરાવતા વ્યાજદરે 100 ટકા ગેરેન્ટેડ જામીનમુક્ત વધારાનાં ધિરાણનો આ માટે ઉપયોગ થશે —
  - ✓ કામથ સમિતિએ ઓળખ કરેલા અને મુશ્કેલ સ્થિતિસંજોગોમાંથી પસાર થતા 26 ક્ષેત્રોની અને હેલ્થકેર ક્ષેત્રની કંપનીઓ માટે, જેઓ 29.2.2020ના રોજ રૂ. 50 કરોડથી વધારે અને રૂ. 500 કરોડ સુધી લોન ધરાવે છે, જેની ચુકવણી બાકી છે
  - ✓ અગાઉ હાલની યોજનામાં આવરી લેવાયેલી રૂ. 50 કરોડ સુધીની બાકી નીકળતી લોન ધરાવતી કંપનીઓ
  - ✓ વાર્ષિક ટર્નઓવર પર કોઈ ટોચમર્યાદા નથી
  - ✓ 29.2.2020ના રોજ 30 દિવસ સુધી બાકી નીકળતું ઋણ **(SMA 0)** ધરાવતી કંપની
  - ✓ 29.02.2020ના રોજ **બાકી નીકળતી રકમના 20 ટકા** સુધી વધારાનું ધિરાણ

- ECLGS 2.0 અંતર્ગત વધારાની ધિરાણની મુદ્દત **5 વર્ષ** રહેશે, જેમાં **મુદ્દલની પુનઃચુકવણી પર એક વર્ષનું મોરેટોરિયમ** સામેલ છે
- ECLGS 2.0 મુશ્કેલ સ્થિતિસંજોગોમાંથી પસાર થતા ક્ષેત્રોને અતિ જરૂર રાત પ્રદાન કરવા માટે પ્રસ્તુત કરવામાં આવી છે, જેનો આશય રોજગારી જાળવવા અને જવાબદારીઓ અદા કરવામાં કંપનીઓને મદદ કરવાનો છે. એનાથી એમએસએમઈ ક્ષેત્રને પણ લાભ થશે, જે લાયકાત ધરાવતી કંપનીઓને ચીજવસ્તુઓ અને સેવા પ્રદાન કરશે

# 3. 10 મુખ્ય ક્ષેત્રોને ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન આપવા આત્મનિર્ભર ઉત્પાદન માટે રૂ. 1.46 લાખ કરોડ (1/2)

- ભારત સરકારે રૂ. 51,355 કરોડના ખર્ચે 3 ક્ષેત્રો માટે માન્યતા ધરાવતી પીએલઆઇ યોજનાઓ રજૂ કરી છે, જે નીચે મુજબ છે:
  - રૂ. 40,995 કરોડના ખર્ચે મોબાઇલ ઉત્પાદન અને ચોક્કસ ઇલેક્ટ્રોનિક ઘટકો;
  - રૂ. 6,940 કરોડના ખર્ચે મહત્વપૂર્ણ મુખ્ય પ્રારંભિક સામગ્રી (કેએસએમ), મધ્યસ્થી દવા અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ્સ ઇન્ગ્રેડિયન્ટ્સ (એપીઆઈ – સક્રિય ફાર્મા ઘટકો)
  - રૂ. 3,420 કરોડના ખર્ચે તબીબી ઉપકરણોનું ઉત્પાદન.
- વધુ 10 મુખ્ય ક્ષેત્રો (આગામી સ્લાઇડમાં)ને હવે ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન યોજના સાથે આવરી લેવામાં આવશે, જેનો આશય સ્થાનિક ઉત્પાદનની સ્પર્ધાત્મકતાને વેગ આપવાનો છે.
- આ આર્થિક વૃદ્ધિ અને સ્થાનિક રોજગારીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે એવી અપેક્ષા છે

## 3. આત્મનિર્ભર ઉત્પાદનને વેગ આપવા રૂ. 1.46 લાખ કરોડનું પ્રોત્સાહન – 10 મુખ્ય ક્ષેત્રો સાથે ઉત્પાદન સાથે સંકળાયેલા પ્રોત્સાહનો (2/2)

સરકાર નીચેના ક્ષેત્રો માટે ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન (પીએલઆઇ) શરૂ કરશે. આ ક્ષેત્રો નીચે મુજબ છે

| **ક્ષેત્ર** | **નવી પીએલઆઇ પર અંદાજિત ખર્ચ (રૂ. કરોડમાં)** |
|---|---|
| અત્યાધુનિક સેલ કેમિસ્ટ્રી બેટરી | 18,100 |
| ઇલેક્ટ્રોનિક/ટેકનોલોજી ઉત્પાદનો | 5,000 |
| ઓટોમોબાઇલ અને ઓટો ઘટકો | 57,042 |
| ફાર્માસ્યુટિકલ્સ દવાઓ | 15,000 |
| ટેલીકોમ અને નેટવર્કિંગ ઉત્પાદનો | 12,195 |
| કપડાં ઉત્પાદનો | 10,683 |
| ખાદ્ય ઉત્પાદનો | 10,900 |
| અતિ કાર્યદક્ષ સોલર PV મોડ્યુલ્સ | 4,500 |
| વ્હાઇટ ગૂડ્સ (ACs અને LED) | 6,238 |
| સ્પેશિયાલ્ટી સ્ટીલ | 6,322 |
| **કુલ** | **1,45,980** |

# 4. પીએમ આવાસ યોજના – અર્બન માટે રૂ. 18,000 કરોડની વધારાની જોગવાઈ

- છેલ્લાં થોડાં મહિનાઓમાં હાઉસિંગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રને બેઠું કરવા માટે અનેક પગલાં લેવામાં આવ્યાં છે. આ પગલાઓએ આ બંને ક્ષેત્રની સ્થિતિ સુધારવા માટે ઉચિત પ્રદાન કર્યું છે. (સ્વામિહ-135 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી, જેમાં અંદાજિત ખર્ચ રૂ. 13,200 કરોડ છે. એના પરિણામે 87,000 નિર્માણાધિન મકાનો/ફ્લેટનું કામકાજ પૂર્ણ થશે)
- જોકે આ ક્ષેત્ર વધારે રોજગારી પેદા કરે એ માટે સક્ષમ બનાવવા વધારે પગલાં લેવાની જરૂર છે.
- **પ્રધાનમંત્રી આવાસ યોજના – અર્બન (પીએમએવાય-યુ) માટે 2020-21 માટે બજેટના અંદાજથી રૂ. 18,000 કરોડ વધારે પ્રદાન કરવામાં આવશે, જે માટે વધારાની ફાળવણી અને વધારાના અંદાજપત્રીય સંસાધનોનો ઉપયોગ કરવામાં આવશે.**
- **આ ચાલુ વર્ષે રૂ. 8,000 કરોડની ફાળવણી ઉપરાંતની છે.**
- એનાથી 12 લાખ મકાનોને જમીનદોસ્ત કરવામાં અને 18 લાખ મકાનોનું નિર્માણ પૂર્ણ કરવામાં મદદ મળશે.
- અપેક્ષિત વધારાની રોજગારી – 78 લાખ, સ્ટીલ – 25 એલએમટી, સિમેન્ટ – 131 એલએમટી

## 5. નિર્માણ અને માળખાગત સુવિધાઓને ટેકો – સરકારી ટેન્ડર્સમાં બાનાની રકમ (ઇએમડી) પર છૂટછાટ અને સિક્યોરિટીમાં ઘટાડો

- **કોન્ટ્રાક્ટ પર કામગીરીની સિક્યોરિટી 5થી 10 ટકાને બદલે ઘટાડીને 3 ટકા કરવામાં આવશે**
  - વિવાદથી મુક્ત ચાલુ કોન્ટ્રાક્ટને લાભ આપવામાં આવશે
  - સરકારી ક્ષેત્રની કંપનીઓને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે
  - આ જ લાભ મેળવવા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે
- **ટેન્ડર્સ માટે ઇએમડી (બાનાની રકમ)ની જરૂર નહીં પડે** તથા બિડ સિક્યોરિટી ડેક્લેરેશન સાથે એને બદલવામાં આવશે
- સાધારણ નાણાકીય નિયમો અંતર્ગત **31.12.2021 સુધી છૂટછાટો આપવામાં આવશે**
- લોક થતી મૂડીમાં અને બીજીના ખર્ચમાં ઘટાડો કરી કોન્ટ્રાક્ટર્સને રાહત આપવામાં આવશે

# 6. રહેણાક રિયલ એસ્ટેટ માટેની માગમાં વધારાને પ્રોત્સાહન ડેવલપર્સ અને ઘરના ગ્રાહકો માટે આવકવેરામાં રાહત

- આર્થિક મંદી રહેણાક એકમની કિંમતમાં ઘટાડા તરફ દોરી ગઈ છેt
- અત્યારે આવકવેરા ધારાની કલમ 43સીએ મુજબ, સર્કલ રેટ અને કરારનાં મૂલ્ય વચ્ચેનો ફરક 10 ટકા નિયંત્રિત છે – કિંમતો હકીકતમાં આનાથી ઓછી હોઈ શકે છે
- **જાહેરાત થયાની તારીખથી 30 જૂન, 2021 સુધીના ગાળા માટે આ ફરકને (કલમ 43સીએ હેઠળ)ને 10 ટકાથી વધારીને 20 ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, જે રૂ. 2 કરોડ સુધીનું મૂલ્ય ધરાવતા રહેણાક એકમોના વેચાણને લાગુ પડશે**
- **પરિણામે કથિત સમયગાળા માટે આવકવેરાના ધારાની કલમ 56(2)(એક્સ) અંતર્ગત આ એકમોના ગ્રાહકોને 20 ટકા સુધીની રાહત મળશે.**
- આવકવેરા ધારામાં જરૂરી સુધારા આગળ જતાં રજૂ કરવામાં આવશે.
- આ પગલાથી ગ્રાહકો અને ડેવલપર્સ એમ બંનેને પડતી મુશ્કેલીઓમાં ઘટાડો થશે તથા વેચાણ ન થયેલા પુરવઠાનો નિકાલ કરવામાં મદદ મળશે

# 7. માળખાગત સુવિધા માટે ડેટ ધિરાણ કરવા રૂ. 1.10 લાખ કરોડનું પ્લેટફોર્મ – એનઆઇઆઇએફ ડેટ પ્લેટફોર્મમાં રૂ. 6000 કરોડનું ઇક્વિટી ઉમેરણ

- ડાઉનસ્ટ્રીમ ફંડ, પ્લેટફોર્મ્સ અને ઓપરેટિંગ કંપનીઓમાં 3 એનઆઇઆઇએફ ફંડ દ્વારા વાસ્તવિક રોકાણ રૂ. 19,676 કરોડ
- એનઆઇઆઇએફ સ્ટ્રેટેજિક ઓપોર્ચ્યુનિટીઝ ફંડને **ડેટ પ્લેટફોર્મ** તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે, જેમાં એનબીએફસી ઇન્ફ્રા ડેટ અને એનબીએફસી ઇન્ફ્રા ફાઇનાન્સ કંપની સામેલ છે
- એનઆઇઆઇએફ એઆઇએફએલ (એએ રેટિંગ) અને આઇએફએલ (એએએ રેટિંગ) બજારમાંથી રૂ. 95,000 કરોડનું ઋણ ઊભું કરશે, જેમાં પ્રોજેક્ટ બોન્ડ સામેલ છે
- વર્ષ 2025 સુધીમાં વિવિધ માળખાગત પ્રોજેક્ટ માટે રૂ. 110,000 કરોડનું ધિરાણ પ્રદાન કરશે
- એનઆઇઆઇએફએ પ્લેટફોર્મની ઇક્વિટીમાં આશરે રૂ. 2000 કરોડનુનં રોકાણ કર્યું છે
- **સરકાર ઇક્વિટી પેટે રૂ. 6000 કરોડનું રોકાણ કરશે**
- બાકીની ઇક્વિટી ખાનગી રોકાણકારો પાસેથી ઊભી કરવામાં આવશે.

# 8. કૃષિ માટે ટેકો
# ખાતરની સબસિડી માટે રૂ. 65,000 કરોડ

- 2019-20માં 571 લાખ મેટ્રિક ટન ખાતરનો વપરાશ, જે ખાતરના વપરાશમાં અંદાજે 17.8 ટકાનો વધારો સૂચવે છે. આ વધારા માટે અનુકૂળ ચોમાસુ અને પરિણામે વાવેતર વિસ્તારમાં વધારો જવાબદાર છે
- વર્ષ 2016-17માં ખાતરનો વપરાશ 499 લાખ એમટી હતો, જે 2020-21માં વધીને 673 લાખ એમટી થવાની અપેક્ષા
- સબસિડીના દરે ખાતરનો પુરવઠો વધારવાથી 140 મિલિયન ખેડૂતોને મદદ મળશે
- ખેડૂતોને ખાતરની પર્યાપ્ત ઉપલબ્ધતતા સુનિશ્ચિત કરવા રૂ. 65,000 કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે, જેથી તેમને પાકની આગામી સિઝનમાં ખાતર સમયસર મળે

# ૭. ગ્રામીણ રોજગારીને પ્રોત્સાહન – પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના અંતર્ગત ખર્ચમાં વધારો

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના 116 જિલ્લાઓમાં ચાલુ છે. અત્યાર સુધી રૂ. 37,543 કરોડનો ખર્ચ થયો છે.
- પીએમજીકેઆરવાય મનરેગા, પીએમજીએસવાય વગેરે સહિત વિવિધ યોજનાઓનો સાથે અસરકારક બની છે
- મનરેગા માટે 2020-21 માટેના બજેટમાં રૂ. 61,500 કરોડ પ્રદાન કરવામાં આવ્યાં હતાં
- આત્મનિર્ભર ભારત 1.0માં વધુ રૂ. 40,000 કરોડ પ્રદાન કરવામાં આવ્યાં હતાં
- અત્યાર સુધી મનરેગા અંતર્ગત રૂ. 73,504 કરોડ ફાળવવામાં આવ્યાં છે અને 251 કરોડ માનવદિવસ રોજગારીનું સર્જન થયું છે
- **ચાલુ નાણાકીય વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના માટે રૂ. 10,000 કરોડની જોગવાઈ કરવામાં આવશે.**
- આ ગ્રામીણ અર્થતંત્રની વૃદ્ધિને વેગ આપશે

# 10. પ્રોજેક્ટ એક્સ્પોર્ટ્સ માટે પ્રોત્સાહન - ધિરાણ માટે એક્ઝિમ બેંકને રૂ. 3000 કરોડ

- ભારત સરકાર તરફથી એક્ઝિમ બેંકે લાઇન્સ ઓફ ક્રેડિટ (એલઓસી) વધારી, જે આઇડિયાસ સ્કીમ અંતર્ગત વિકાસશીલ દેશોને સહાયરૂપે આપવામાં આવી છે
- લાઇન ઓફ ક્રેડિટ મેળવતા દેશોને એલઓસીના 75 ટકા મૂલ્યની આયાત કરવાનું ફરજિયાત કરવાથી ભારતીય નિકાસને વેગ મળશે
- રેલવે, પાવર, ટ્રાન્સમિશન, માર્ગ અને પરિવહન, ઓટો અને ઓટો ઘટકો, ખાંડ પ્રોજેક્ટ વગેરેને આવરી લેતા સહાયક પ્રોજેક્ટ્સ
- અત્યાર સુધી 811 નિકાસ સમજૂતીઓ થઈ છે, એલઓસી અંતર્ગત 10.50 અબજનું ધિરાણ આપવામાં આવ્યું છે
- આઇડિયાસ સ્કીમ અંતર્ગત લાઇન્સ ઓફ ક્રેડિટ દ્વારા પ્રોજેક્ટ નિકાસના પ્રોત્સાહન માટે એક્ઝિમ બેંકને રૂ. 3,000 કરોડ આપવામાં આવશે.

# 11. મૂડી અને ઔદ્યોગિક પ્રોત્સાહન

- મૂડી અને ઔદ્યોગિક ખર્ચ માટે રૂ. 10,200 કરોડના વધારાનો અંદાજપત્રીય ખર્ચ પ્રદાન કરવામાં આવશે
  - સ્થાનિક ક્ષેત્રે સંરક્ષણ ઉપકરણોનું ઉત્પાદન
  - ઔદ્યોગિક પ્રોત્સાહનો
  - ઔદ્યોગિક માળખાગત સુવિધા
  - ગ્રીન એનર્જી (પર્યાવરણને અનુકૂળ ઊર્જા)

# 12. કોવિડ રસી વિકસાવવા માટે સંશોધન અને વિકાસની સહાય

- બાયોટેકનોલોજી વિભાગને ભારતીય કોવિડ રસી પર સંશોધન કરવા અને એને વિકસાવવા માટે કોવિડ સુરક્ષા અભિયાન માટે રૂ. 900 કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે

# મૂડી સહિત વધારાના ખર્ચ

| | |
|---|---|
| તમામ માટે મકાન – પીએમએવાય-યુ | રૂ. 18,000 કરોડ |
| ગ્રામીણ રોજગારીને પ્રોત્સાહન આપવા | રૂ.10,000 કરોડ |
| કોવિડ સુરક્ષા માટે આરએન્ડડી સહાય – ભારતીય રસી વિકાસ કાર્યક્રમ | રૂ. 900 કરોડ |
| ઔદ્યોગિક માળખું, ઔદ્યોગિક પ્રોત્સાહન અને સ્થાનિક સંરક્ષણ ઉપકરણ | રૂ.10,200 કરોડ |
| એક્ઝિમ બેંકને ટેકો આપી પ્રોજેક્ટ એક્સ્પોર્ટ્સને વેગ આપવા | રૂ.3,000 કરોડ |
| આત્મનિર્ભર ઉત્પાદનને પ્રોત્સાહન – ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન | રૂ 1,45,980 કરોડ |
| કૃષિ માટે ટેકો – ખાતરની સબસિડી | રૂ. 65,000 કરોડ |
| માળખાગત ક્ષેત્રને પ્રોત્સાહન – એનઆઇઆઇએફ ડેટ પીએફમાં ઇક્વિટી ઉમેરણ | રૂ. 6000 કરોડ |
| આત્મનિર્ભર ભારત રોજગાર યોજના (સંપૂર્ણપણે રૂ. 36,000 કરોડ) | રૂ. 6,000 કરોડ |
| **કુલ** | રૂ. **2,65,080** કરોડ |

# અત્યાર સુધી જાહેર થયેલા પ્રોત્સાહક પગલાંઓ ટૂંકમાં

સત્યમેવ જયતે
Goverment Of India

| ક્રમ | આઇટમ | રૂ. કરોડમાં |
|---|---|---|
| 1. | પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ (PMGKP) + | 1,92,800 |
| 2. | આત્મનિર્ભર ભારત અભિયાન 1.0 | 11,02,650 |
| 3. | PMGKP અન્ન યોજના – જુલાઈથી નવેમ્બર સુધી 5 મહિના લંબાવવામાં આવી | 82,911 |
| 4. | આત્મનિર્ભર ભારત અભિયાન 2.0 (12 ઓક્ટોબર) | 73,000 |
| **5.** | **આત્મનિર્ભર ભારત અભિયાન 3.0** | **2,65,080** |
| 6. | 31 ઓક્ટોબર, 2020 સુધી આરબાઈએ જાહેર કરેલા પગલાં | 12,71,200 |
| **કુલ** | | **29,87,641** |



# ધન્યવાદ